# ગાંધીનગરના સ્કેટર્સ ઈન્ટરનેશનલ બુક ઑફ રેકર્ડ્સમાં





શનિવારે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે બીએસકેટ ટીમના ખેલાડીઓએ સતત સ્કેટિંગ કરીને પોતાનું નામ ઈન્ટરનેશનલ બુક ઑફ રેકર્ડ્સમાં નોંધાવ્યું છે. અલગ અલગ જગ્યાએ સ્કેટિંગ કરીને બાળકોએ એક નવો જ વિક્રમ સર્જ્યો છે.

૬૩ જેટલા ખેલાડીઓએ આ ઉપક્રમમાં ભાગ લીધો હતો. ખેલાડીઓના પરિવારજનો પણ તેમને ઉત્સાહ આપવા ઉપસ્થિત રહ્યા હતા. કોચ ભાર્ગવ આયરે તેમને સ્કેટિંગની તાલીમ આપી હતી.

## જન્મદિને વધામણી



કિરીટભાઈ આર પરેરા
સામાજિક કાર્યકર
મો. ૯૯૭૪૭ ૬૭૨૦૨



લીપ્સા રાજેશકુમાર વ્યાસ



વેદાંશી હેમંતભાઈ દવે
મો. ૭૬૦૦૨ ૪૫૭૧૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ભગવાન અને સત્પુરુષનું શરણું માનવજીવનને ધન્ય બનાવે છે



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ, ગાંધીનગર ખાતે છેલ્લાં ૩૪ વર્ષથી ચાલતી કારણ સત્સંગ સભામાં આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાં સત્સંગ, સંસ્કાર અને શિક્ષણ પ્રાપ્ત કરવું. ભગવાન અને સત્પુરુષનું શરણું જ જીવનને ધન્ય બનાવે છે. આજના યુવાધને વ્યસનોને તિલાંજલી આપવી જોઈએ.

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

# ‘સ્ટાર્ટઅપમાં કારકીર્દિનું ઘડતર’ વિષયે માર્ગદર્શન કાર્યક્રમ

## ૪થીએ વિશ્વકર્મા પ્રગતિ મંડળ હૉલ, વર્ધમાન નગર, કલોલ ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ધો.૧૦ અને ૧૨ પછી શું? કઈ કારકિર્દી ની પસંદગી કરવી? એમાં શું અવકાશ રહેલો છે? આ પ્રશ્નો બોર્ડ ની પરીક્ષા આપી દીધા પછી દરેક વાલી અને વિદ્યાર્થી ને મૂંઝવતો હોય છે.

આવા તમામ પ્રશ્નો અને મૂંઝવણ નું નિરાકરણ માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ખુબ ઉપયોગી કાર્યક્રમ ‘કારકીર્દિ માર્ગદર્શન’નું સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ ‘વિશ્વકર્મા પ્રગતિ મંડળ હોલ’, વર્ધમાન નગર, કલોલ શહેર ખાતે શનિવાર તા. ૦૪ મે, ૨૦૧૯ ના રોજ સવારે ૦૯.૩૦થી યોજવામાં આવેલ છે.

સ્ટાર્ટઅપ, ઈનોવેશન માં કારકિર્દી નું નિર્માણ એ એક નવી અને ઉભરાતી દિશા અને તક છે આજના વિદ્યાર્થીઓ માટે જેમાં તેઓ પોતાના ઈનોવેટિવ આઈડિયા ને બિઝનેસસ માં રૂપાંતર કેવી રીતે કરે અને તેઓ નોકરી શોધનારા નહિ પણ નોકરી આપનાર બને તે અંગે આગળ વધે તે હેતુ છે.

સ્ટાર્ટઅપ્સ પારદર્શિતા, સરળતા અને ‘કોઈ પદાનુક્રમ નહિ (સર્વ એક સમાન)’ સંસ્થાકીય માળખું પ્રદાન કરે છે. સ્ટાર્ટઅપ્સમાં ફ્લેટ સ્ટ્રક્ચર નિર્ણય ઉત્પાદકો અને એક્ઝિક્યુટિવ્સ વચ્ચેના તફાવતને ભરવામાં મદદ કરે છે, નવા સ્નાતકોને દૃષ્ટિકોણ અને વ્યવસાયના પાસાઓને જાણવા અને સમજવા માટે સક્ષમ બનાવે છે. યુવાનો ને રોજગારી મળે અને ભારત દેશ ઈનોવેશન ક્ષેત્ર માં વિશ્વમાં પોતાનો ડંકો વગાડે એ હેતુ થી આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ની સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ઈન્ડિયા ની શરૂઆત વર્ષ ૨૦૧૬ માં કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારત દેશ ની સૌ પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે, જેમાં રોજિંદા ભણતર ની સાથે સાથે વિદ્યાર્થીઓ ને એન્ટ્રેપ્રેનુંરશીપ ,સ્ટાર્ટઅપ, ઈનોવેશન, બિઝનેસ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવે છે. આ યુનિવર્સિટી માં ડિપ્લોમા અને ડિગ્રીઅભ્યાસક્રમો જેમ કે એન્જિનિરીંગ, ડિઝાઈન, સાયન્સ, હોમીયોપેથી, ફિઝિયોથેરપી,નર્સિંગ, કૉમેર્સ એન્ડ મૅનેજમેન્ટ અલગ અલગ શાખાઓ ખુબ જ સફળતાપૂર્વક ચાલી રહ્યા છે.

યુનિવર્સિટી તરફ થી વિદ્યાર્થી ને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પરપ્રોત્સહન આપવા માટે નાણાકીય સહાય, ઈન્ક્યુબેશન સપોર્ટ, નિષ્ણાતો ધ્વારા માહિતી, ઈન્ડુસટ્રી સાથે નો પરિચય વિગેરે નિયમિતપણે આપવામ આવે છે.

## કેરીના રસિયાઓ માટે ખુશખબર...તાલાળા માર્કેટિંગ યાર્ડમાં ૫ મેથી વિધિવત્ આગમન

ગાંધીનગર, તા. ૨૮

તાલાળા ગીરની અમૃત ફળ ગણાતી કેસર કેરીની સિઝનનો તલાલા માર્કેટિંગ યાર્ડમાં ૫મી મે રવિવારથી શુભારંભ થશે. આ વર્ષે તાલાળા યાર્ડમાં ૩મેથી સિઝનનો શુભારંભ થયો હોઈ આ વર્ષે અમદાવાદીઓને બે દિવસ મોડી કેરી ખાવા મળશે. કેરીના રસિયાઓને હવે મન ભરીને કેરીનો સ્વાદ માણવા મળશે. દેશ અને દુનિયામાં કેરી રસિકોની પહેલી પસંદ બનેલી કેસર કેરીની આખરે શાનદાર એન્ટ્રી બજારમાં આગામી સપ્તાહથી શરૂ થઈ જશે.

ગત વર્ષે ૧૦ કિલો કેરીના ૩૦૦થી ૬૦૦ રૂપિયાની બોલી બોલાઈ હતી. આ વર્ષે તે વધીને ૪૦૦થી ૭૦૦ થવાની શક્યતા છે. ગત વર્ષે પ્રથમ દિવસે જ ૧૧૪૨૫ જેટલાં કેરીનાં બોક્સની હરાજી થઈ. કેસર કેરીના ભાવોને લઈ ખેડૂતોમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ છે. ગત વર્ષની તુલનાએ કેસરનો ભાવ આ વર્ષે દોઢો છે. એટલે કે ૧૦૦થી ૨૦૦ રૂપિયા ૧૦ કિલોએ વધારે આંકવામાં આવી રહ્યા છે. જેની પાછળનું કારણ કેરીના જથ્થામાં આ વર્ષે ભારે ઘટાડો આવ્યો છે.

# ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીમાં ઍકેડેમિક કાઉન્સિલની બેઠક મળી

## સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાનો નિર્ણય કરાયો હોવાની ચર્ચા : કોઈ સત્તાવાર જાહેરાત નહીં

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં શુક્રવારે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાંથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા માટે નિર્ણય લેવાયો હતો. જો કે બેઠક પૂર્ણ થયા બાદ કુલપતિ, રજિસ્ટ્રાર સહિતના સત્તાધીશોએ આશ્ચર્યજનક રીતે પોતાના મોબાઈલ ફોન બંધ કરી દેતાં સત્તાવાર રીતે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. આમ સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ કે નહીં તેનું રહસ્ય અકબંધ છે.

ડિપ્લોમા ઈજનેરી કોલેજમાંથી સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા માટે છેલ્લા કેટલાય સમયથી માગણી કરવામાં આવી રહી હતી. જો સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવામાં ન આવે તો વિદ્યાર્થી સંગઠનોએ કુલપતિ ડો.નવીન શેઠનું મોં કાળુ કરવાની ચીમકી આપી હતી. આ ચીમકીના પગલે જ એકેડેમિક કાઉન્સિલની બેઠકના એજન્ડામાં સૌથી અગ્રક્રમે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાના નિર્ણય અંગેની બાબત મૂકવામાં આવી હોવાનું ચર્ચાય છે. શરમજનક હકીકત એ કે કુલપતિએ ચાલુ બેઠક દરમિયાન જ એનએસયુઆઈના કાર્યકર્તાને સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવાનો નિર્ણય લેવાઈ ગયો હોવાની જાણ કરી દીધી હતી પરંતુ બેઠક પૂર્ણ થયા બાદ પોતાનો મોબાઈલ ફોન રહસ્યમય કારણોસર બંધ કરી દીધો હતો. માત્ર કુલપતિ જ નહીં પરંતુ ઈન્ચાર્જ રજિસ્ટ્રાર જીતેન્દ્ર લીલાણીએ પણ મોડી રાત સુધી ફોન ઉપાડવાની તસ્દી લીધી નહોતી. સૂત્રોના કહેવા પ્રમાણે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા અંગેનો નિર્ણય કરી દેવાયો છે. આગામી દિવસોમાં બીઓજીની બેઠકમાં આ નિર્ણય રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત ડિગ્રી ઈજનેરીમાં સેમેસ્ટર ૩થી ૮માં કરીક્યુલમમાં ફેરફાર કરવો, સારી કામગીરી કરનારા ટીચર્સને એવોર્ડ આપવા અને વિદ્યાર્થીઓ કોલેજમાં અધર એક્ટિવિટી કરે તો તેમને ખાસ ક્રેડિટ આપવા સહિતના નિર્ણયો લેવાયા હતા.

### પીજી મૅડિકલ ઍડમિશનના બીજા રાઉન્ડના અંતે

# મૅડિકલમાં ૬૮ ઉપરાંત ડૅન્ટલમાં ૧૧ બેઠકો ખાલી

ગાંધીનગર, તા. ૨૮

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં બીજા રાઉન્ડ માટે ચાલતી કાર્યવાહીમાં વિદ્યાર્થીઓ આપેલી ચોઈસના આધારે આજે પ્રવેશ સમિતિ દ્વારા બેઠકોની ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં બીજા રાઉન્ડમાં મેડિકલમાં ૬૮ અને ડેન્ટલમાં ૧૧ બેઠકો ખાલી પડી છે. મેડિકલની ખાલી પડેલી ૬૮ બેઠકો હવે કોલેજોને ભરવા માટે આપી દેવામાં આવશે. જ્યારે ડેન્ટલની ખાલી પડેલી બેઠકો માટે પર્સન્ટાઈલ ઘટાડીને જે વિદ્યાર્થીઓના ફોર્મ આવશે તેના માટે કાર્યવાહી કરવામાં આવશે.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ પુરો થયા બાદ ખાલી પડેલી ૪૪૭ જેટલી બેઠકો માટે બીજો રાઉન્ડ શરૂ કરાયો હતો. જેમાં આજે કોલેજની ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. પી.જી.મેડિકલની કુલ ૧૩૭૮ બેઠકો માટે ૨૪૬૨ વિદ્યાર્થીઓએ બીજા રાઉન્ડમાં ભાગ લીધો હતો. જ્યારે ડેન્ટલમાં ૨૨૦ બેઠકો માટે ૨૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મેરિટના આધારે મેડિકલની ૧૩૦૮ અને ડેન્ટલની ૧૮૭ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો હતો. મહત્વની વાત એ કે મેડિકલમાં ૬૮ બેઠકો એવી હતી કે જેમાં કોઈ વિદ્યાર્થીઓ ચોઈસ આપી નહોતી. એટલે કે આ બેઠકો ખાલી રહી છે. ડેન્ટલમાં ૧૧ બેઠકો ખાલી રહી હતી. પી.જી.મેડિકલમાં ખાલી પડેલી બેઠકો માટે હવે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે આ બેઠકો પર કોઈ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી ન હોવાથી આ ખાલી બેઠકો ભરવાની સત્તા જે તે કોલેજ સંચાલકોને સોંપી દેવામાં આવશે. જ્યારે ડેન્ટલમાં ખાલી પડેલી ૧૧ અને અન્ય ૨૨ બેઠકો માટે અન્ય એક રાઉન્ડ કરાશે. હાલમાં પી.જી. ડેન્ટલમાં પ્રવેશ માટેના પર્સન્ટાઈલમાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. પ્રવેશ માટે ઘટાડેલા ધોરણો પ્રમાણે વિદ્યાર્થીઓને નવેસરથી પીન વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનની સૂચના આપવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પીન ખરીદી લીધી છે. તા.૨૯મી સુધી રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. ડેન્ટલની કુલ ૩૩ બેઠકોને મોપઅપ એટલે કે ઓફ લાઈન રાઉન્ડમાં ભરવાનું નક્કી કરાયું છે. આગામી તા.૪ થી ૮ દરમિયાન મોપઅપ રાઉન્ડ કરવામાં આવશે. ડેન્ટલની ખાલી પડેલી બેઠકો ઉપરાંત મેડિકલમાં હવે પછી જે બેઠકો ખાલી પડે તેને મોપઅપ રાઉન્ડમાં લઈ જવામાં આવશે. ઓફલાઈન રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન સંમતિ આપવાની રહેશે.

# ગાંધીજીનો વિનોદ

॥ બારમો મણકો ॥

### ૨૫ - રસગુલ્લાંની મજા

એકવાર ગાંધીજીની મંડળીની ભોજનની વ્યવસ્થા એક ભાઈને કરવાની હતી. ગાંધીજી અને તેમના સાથીઓ માટે અનુકૂળ રસોઈ તૈયાર થઈ ગઈ. પણ તેમાં કોઈપણ પ્રકારની મીઠાઈનો સમાવેશ થતો ન હતો. એ ઊણપ પેલા યજમાનને સાલતી હતી. ભોજનમાં એકાદ મીઠાઈની વાનગી પીરસવાની તેમની ઈચ્છા તેમણે મંડળીના એક સભ્યને જણાવી. પેલા સભ્યે કહ્યું, બાપુને આવી મીઠાઈ પસંદ નથી.

આમ વાત ચાલતી હતી ત્યાં બા આવી પહોંચ્યાં. યજમાને બાને પૂછ્યું, ‘બા ! આપના સાથીઓને રસગુલ્લાં પીરસું તો કોઈ મુશ્કેલી ખરી કે?’




બા માનતાં હતાં કે આશ્રમવાસીઓને કંઈક સ્વાદિષ્ટ મળે તો સારું. એટલે તેમણે કહ્યું, ના રે, કંઈ નુકસાન નથી. તમે રસગુલ્લાં જરૂર ખવડાવો.

જમતી વેળા રસગુલ્લાં પીરસાતાં જોઈ ગાંધીજી હસીને બોલ્યા, અરે ! અરે ! આ શી આફત છે ?

આશ્રમવાસી : બાની પરવાનગીથી આ બધું થાય છે.

ગાંધીજી : બાની પરવાનગી લઈ લીધા પછી મારું શું ચાલવાનું હતું? બા એમ જ કરે છે. અને તેમાં એને મજા પડે છે.

હસતાં હસતાં ગાંધીજી સિવાય સૌએ રસગુલ્લાં ખાધાં.

### ૨૬ - બ્રિટિશ સિંહની દશા

એકવાર ગાંધીજીએ રાષ્ટ્ર સમક્ષ એવો કાર્યક્રમ મૂક્યો હતો કે પ્રજા જો તેનું યોગ્ય પાલન કરે તો એક વર્ષમાં હિન્દને સ્વરાજ મળે. હિન્દમાં અંગ્રેજોના હસ્તક ચાલતા એક છાપાના પ્રતિનિધિએ મૂંઝાઈને પ્રશ્ન કર્યો કે, ‘જો હિંદને એક વરસમાં સ્વરાજ મળે તો અંગ્રેજોનું શું થશે ?’

ગાંધીજી : સિંહ ઘેટાંની સાથે પડી રહેશે.

ગાંધીજીનો આ વિનોદ સાંભળી પેલો પત્રકાર વધુ પ્રશ્ન પૂછતાં અટકી ગયો.

### ૨૭ - દરિદ્રનારાયણનો પ્રતિનિધિ

દક્ષિણ હિંદમાં એક વ્યક્તિએ વર્ષો સુધી પાઈપૈસો ભેગો કરી એક મંદિર બંધાવ્યું હતું. તેમાં તેણે રામલક્ષ્મણજાનકીની પ્રતિમા પધરાવી અને તે પ્રતિમાને ખાદીનાં વસ્ત્રો પહેરાવ્યાં. તે મંદિરમાં હરિજનોને પણ પ્રવેશ કરવાની છૂટ મૂકવામાં આવી હતી. મંદિરની ઉદ્દ્ઘાટનવિધિ તેના સ્થાપકે ગાંધીજી પાસે કરાવી હતી. ગાંધીજી જ્યારે મંદિરમાં રામની પ્રતિમા પાસે ગયા ત્યારે પેલા સ્થાપકે ગાંધીજીને ખાદીની ભેટ આપી. આ પવિત્ર દૃશ્ય જોઈ મંડળીના એક ભાઈ ગાંધીજી તરફ જોઈ બોલ્યા, લોકો દેવ આગળ ભેટ ધરે છે. પણ તમને તો દેવે ભેટ ધરવી જોઈએ, કેમ ?

સ્થાપક : ભગવાનને દાસાનુદાસ શા માટે કહ્યો હશે ? ગાંધીજી જેવા દાસનો એ દાસ છે.

ગાંધીજી (હસતાં હસતાં) : મને ઈશ્વર દરિદ્રનારાયણનો સાચો પ્રતિનિધિ માને છે. એટલે ઈશ્વરે પણ એ દાન આપવું જ રહ્યું !



‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર

# બુમરાહ, જાડેજા, શમી અને પૂનમ યાદવને અર્જુન એવોર્ડ આપવા બીસીસીઆઈની ભલામણ

## અર્જુન એવોર્ડ દર વર્ષે શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીઓને આપવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ વર્ષે અર્જુન એવોર્ડ માટે ચાર ક્રિકેટરોના નામની ભલામણ કરી છે. તેમાં મોહમ્મદ શમી, જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા અને પૂનમ યાદવ સામેલ છે. શમી, બુમરાહ અને જાડેજા પુરૂષ ક્રિકેટર છે અને વિશ્વ કપની ટીમમાં છે. પૂનમ યાદવ મહિલા ક્રિકેટર છે. અર્જુન એવોર્ડ દર વર્ષે શાનદાર પ્રદર્શન કરનાર ખેલાડીઓને આપવામાં આવે છે. આ માટે અલગ-અલગ રમતોના બોર્ડ ખેલાડીઓના નામ મંત્રાલયને મોકલે છે. રમતગમત મંત્રાલય એવોર્ડ વિજેતાઓને પસંદ કરવા માટે સમિતિની રચના કરે છે. આ સમિતિ ખેલાડીઓના નામ પર અંતિમ નિર્ણય કરે છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર નિયુક્ત પ્રશાસકોની સમિતિએ સબા કરીમની હાજરીમાં આ ક્રિકેટરોનું નામ અર્જુન એવોર્ડ માટે નક્કી કર્યાં. પૂર્વ ક્રિકેટર સબા કરીમે આ ચારના નામનો પ્રસ્તાવ રાખ્યો. આ ખેલાડીઓએ ગત એક વર્ષમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. જસપ્રીત બુમરાહ આ સમયે વનડેમાં નંબર વન બોલર છે. તે ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, વનડે અને ટી૨૦)માં ટીમ ઈન્ડિયાનો મુખ્ય બોલર છે. આગામી મહિને શરૂ થઈ રહેલા વિશ્વ કપમાં તેના પર મોટી જવાબદારી હશે. તેના હાલના સમયમાં ડેથ ઓવરનો વિશ્વનો સર્વશ્રેષ્ઠ બોલર માનવામાં આવે છે.

મોહમ્મદ શમી હાલના દિવસોમાં શાનદાર ફોર્મમાં છે. તેણે ૨૦૧૮માં જ્યારે ટીમ ઈન્ડિયામાં વાપસી કરી છે, ત્યારથી ટેસ્ટ અને વનડે બંન્ને ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યાં છે. શમી, બુમરાહ અને ભુવનેશ્વરની ત્રિપુટી આ સમયે વિશ્વની સૌથી ખતરનાક ત્રિપુટી માનવામાં આવી રહી છે.

# આઈએસએસએફ વર્લ્ડ કપમાં શૂટર અભિષેક વર્માએ ગોલ્ડ જીત્યો

ગાંધીનગર, તા. ૨૮

ભારતના અભિષેક વર્માએ શનિવારે બેઈજિંગમાં આઈએસએસએફ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. અભિષેકને ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં સ્વર્ણિમ સફળતા મળી હતી. આ સાથે તેણે ઓલિમ્પિકની ટિકિટ હાસિલ કરવામાં સફળતા મેળવી છે.

અભિષેક પોતાનો બીજો વિશ્વ કપ રમી રહ્યો છે, જ્યારે ફાઈનલમાં તે પ્રથમવાર પહોંચ્યો હતો. તેણે ફાઈનલ મેચમાં દમદાર પ્રદર્શન કરતા કુલ ૨૪૨.૭ પોઈન્ટ મેળવ્યા હતા.

રૂસના આર્ટેમ ચેરનોઉસોવને સિલ્વર અને દક્ષિણ કોરિયાના સીઉંગહવૂ હાનને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. આર્ટેમે ૨૪૦.૪ અને હાને ૨૨૦ પોઈન્ટ મેળવ્યા હતા. અભિષેકે દિલ્હીમાં રમાયેલા વિશ્વકપમાં પર્દાપણ કર્યું હતું, પરંતુ તે ફાઈનલમાં પહોંચવામાં અસફળ રહ્યો હતો. અભિષેક વર્માએ ભારત માટે પાંચમી ઓલિમ્પિક ટિકિટ મેળવી છે. આ પહેલા અંજુમ મૌદગિલ અને અપૂર્વી ચંદેલા (૧૦ મીટર એર રાઈફલ મહિલા), સૌરભ ચૌધરી (૧૦ મીટર એર પિસ્તોલ પુરૂષ) અને રાજસ્થાનના ૧૭ વર્ષના યુવા શૂટર દિવ્યાંશ સિંહ પંવારે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકની ટિકિટ મેળવી લીધી છે.

# થિયેટરો માટે ફિલ્મો બનાવો, ડિજિટલ પ્લેટફોર્મ માટે નહીં : સ્ટીવન સ્પીલબર્ગ

ગાંધીનગર, તા. ૨૮

હોલિવૂડના સિનિયર ફિલ્મ સર્જક સ્ટીવન સ્પીલબર્ગે ફિલ્મ સર્જકોને હાકલ કરતાં કહ્યું હતું કે માત્ર ટેલિવિઝન અને ડિજિટલ પ્લેટફોર્મ માટે ફિલ્મો ન બનાવો, થિયેટરોમાં દેખાડી શકાય એવી પણ ફિલ્મો બનાવો. સિનેમા ઓડિયો એવોર્ડ સોસાયટીમાં બોલતાં સ્ટીવન સ્પીલબર્ગે ફિલ્મ સર્જકોને કહ્યું હતું કે થિયેટરમાં રજૂ થતી ફિલ્મ જોવાનો અનુભવ અલગ હોય છે. તમે દર્શકોને એવી તક આપો. માત્ર ટીવી અને ડિજિટલ પ્લેટફોર્મ પૂરતી ફિલ્મો ન બનાવો. ‘એક ફિલ્મ સર્જક તરીકે મારું દ્રઢપણે માનવું છે કે તમે દર્શકોને થિયેટરમાં ફિલ્મ માણવાની તક આપો. એ અનુભવ અલગ છે અને થિયેટરમાં ફિલ્મ જોવાનો આનંદ અલગ છે. થિયેટરો બંધ ન થઈ જાય અને કાયમ ટકી રહે એ જોવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે.

## આરબીઆઈ ટૂંક સમયમાં રૂ.૨૦ની નવી નોટ બહાર પાડશે

ગાંધીનગર, તા. ૨૮

ટૂંક સમયમાં જ તમને ૨૦ રૂપિયાની નવી નોટ જોવા મળી શકે છે. આરબીઆઈએ એક સૂચના જાહેર કરી છે જેમાં તેણે ૨૦ રૂપિયાની નવી નોટ લાવવાની વાત કરી છે. આ નોટિફિકેશનમાં બેન્કે આ નોટના રંગ-રૂપથી લઈને તેની ખાસીયતો વિશે જણાવ્યું છે. આ નોટમાં ગવર્નર શક્તિકાંત દાસના હસ્તાક્ષર હશે અને નોટની પાછળ સાંસ્કૃતિક વિરાસતને દર્શાવતા એલોરાની ગુફાઓનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીની નવી સીરિઝના આ નોટનો રંગ લીલાશ પડતો પીળો હશે. તેની સાથે જ આરબીઆઈએ જણાવ્યું કે નવી નોટ જાહેર થયા બાદ પણ જુની નોટો ચલણમાં રહેશે. આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૦ રૂપિયાની નવી નોટમાં આગળના ભાગ પર મહાત્મા ગાંધીનું ચિત્ર વચ્ચે છે. તેજ ભાગમાં નોટનું મુલ્ય હિન્દી અને અંગ્રેજીમાં લખેલું રહેશે અને RBI, ભારત, India અને ૨૦ માઈક્રો લેટર્સના રૂપમાં રહેશે.